# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

## બ્લોક નં-૨, પાંચમો માળ,કર્મયોગી ભવન,ગાંધીનગર

### પંચાયત સેવાના કર્મચારીઓની હિન્દી ભાષાકીય પરીક્ષા યોજવા બાબતનુ જાહેરનામું

ક્રમાંક:- ઈએક્સએમ-૩-૨૪૭૦/૨૦૨૨-૨૩/૧૫૭૨૫ થી ૧૫૭૫૫

તા.૦૧/૦૮/૨૦૨૨

## જાહેરનામું

સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરના જાહેરનામા કેપી/૩૧/૨૦૨૨૦/પીઆરઆર/૧૦૨૦૧૯/૭૭૩/ખ તા.૦૪/૧૨/૨૦૨૦થી ગુજરાત પંચાયત સેવા (હિન્દી ભાષાની પરીક્ષા) નિયમો-૨૦૨૨ નિયત થયેલ છે.

૨/- ગુજરાત પંચાયત સેવા (હિન્દી ભાષાની પરીક્ષા) નિયમો-૨૦૨૨ના નિયમ-૬ અન્વયે મંડળ દ્વારા પંચાયત સેવાના કર્મચારીઓની હિન્દી ભાષાકીય પરીક્ષા નીચે દર્શાવેલ સમયપત્રક મુજબ યોજવાનુ આથી જાહેર કરવામાં આવે છે.

| પ્રશ્નપત્ર નંબર | માર્ક્સ | તારીખ અને વાર | સમય | પરીક્ષાનુ સ્થળ |
|---|---|---|---|---|
| હિન્દી પેપર-૧ | ૧૦૦ | તા.૨૯/૦૯/૨૦૨૨ ગુરૂવાર | સવારે ૧૦:૩૦ થી ૧:૩૦ | સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી નક્કી કરે તે |
| હિન્દી પેપર-૨ | ૧૦૦ | તા.૨૯/૦૯/૨૦૨૨ ગુરૂવાર | બપોરે ૨:૩૦ થી ૫:૩૦ | |
| મૌખિક પરીક્ષા (Viva Voce Test) | ૫૦ | તા.૩૦/૦૯/૨૦૨૨ શુક્રવાર | સવારે ૧૦:૩૦થી શરૂ | |

૩/- સદરહું પરીક્ષાનો અભ્યાસક્રમ અને પરીક્ષા પધ્ધતિ ગુજરાત પંચાયત સેવા (હિન્દી ભાષાની પરીક્ષા) નિયમો-૨૦૨૨ના શેડ્યુલ-III માં દર્શાવ્યા મુજબનો રહેશે. સદરહુ હિન્દી ભાષાકીય પરીક્ષામાં બેસવા ઈચ્છતા લાયક ઉમેદવારોએ આ સાથે બીડેલ નમૂનાનું આવેદનપત્ર પોતાની કચેરીમાંથી મેળવી,ભરેલ આવેદનપત્ર તા.૩૧/૦૮/૨૦૨૨ સુધીમાં જે તે જિલ્લા પંચાયતની મહેકમ શાખાને રૂબરૂમાં મોકલી આપવાનુ રહેશે. જિલ્લા પંચાયત દ્વારા સદરહુ ભાષાકીય પરીક્ષામાં બેસનાર કર્મચારીઓની અસલ આવેદનપત્રો સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સહી સિક્કા સાથે સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર ને મોડામાં મોડા તા.૦૧/૦૯/૨૦૨૨સુધીમાં પહોંચે તે રીતે મોકલી આપવાના રહેશે. સમયમર્યાદા બાદ મળેલ આવેદનપત્રો મંડળ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહિં.

"મંડળના આદેશાનુસાર"

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગર

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

નં.ઈએક્સએમ-૩
ગાંધીનગર

પ્રતિ,

મેનેજરશ્રી,મધ્યસ્થ મુદ્રાણાલય, ગાંધીનગર તરફ

ઉપરોકત જાહેરનામાની પ્રસિધ્ધી આગામી સરકારી ગેઝેટમાં ભાગ-૧ 'અ' માં કરવા અને જેની પાંચ નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

<u>નકલ સવિનય રવાના-:</u>

(૧) માન.અધિક મુખ્ય સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,સચિવાલય ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી-તમામ તરફ જાણ, બહોળી પ્રસિધ્ધિ તથા આગળની યોગ્ય કાર્યવાહી કરવા સારૂં .

(૪) નાયબ સચિવશ્રી,(પંચાયત),પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂં .

<u>નકલ રવાના-જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં .</u>

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ) જિલ્લાપંચાયત કચેરી(તમામ)

(૨) કચેરીના નોટીસ બોર્ડ તરફ પ્રસિધ્ધિ સારૂ.

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ
ગાંધીનગર